પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૬૯ | ૩૦ ઓગસ્ટ, ૨૦૧૯, શુક્રવાર; શ્રાવણ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# કચ્છમાં આતંકવાદીઓની ઘુસણખોરી અંગે હાઈએલર્ટ

## કંડલા, મુંદ્રા સહિત કચ્છના વિવિધ વિસ્તારોમાં સુરક્ષા મજબૂત : સંભવિત આતંકવાદી હુમલાની ચેતવણી

## ભારતીય નૌકા સેનાએ આપ્યા બાદ નવા ઇનપુટ મળતા સાવચેતીના પગલા : કચ્છના રસ્તે ઘુસણખોરીના પ્રયાસો

ગાંધીનગર/ભૂજ, તા.૨૯

દક્ષિણ ભારત બાદ હવે પશ્ચિમી દરિયાકાંઠાથી પણ પાકિસ્તાની નાપાક હરકત થવાના સંકેત મળ્યા બાદ સુરક્ષા વ્યવસ્થા કંડલા અને મુંદ્રા બંદરો સહિત ગુજરાતના કચ્છ જિલ્લાના તમામ ચાવીરુપ સ્થળ ઉપર સુરક્ષા વ્યવસ્થા અભૂતપૂર્વ કરવામાં આવી છે. ગુજરાતમાં કંડલા બંદરની નજીક પાકિસ્તાની કમાન્ડો અને આતંકવાદીઓ ઘુસણખોરી કરીને હુમલાને અંજામ આપી શકે છે તેવા અહેવાલ આવી ચુક્યા છે. આ પહેલા પણ ભારતીય નૌકા સેનાએ કચ્છના રસ્તે પાકિસ્તાન તરફથી ત્રાસવાદી કાવતરાને લઈને એલર્ટની જાહેરાત કરી હતી. શ્રીલંકાના રસ્તે તોઈબાના કેટલાક આતંકવાદીઓની ઘુસણખોરીને લઈને સુરક્ષા સંસ્થાઓ પહેલાથી જ એલર્ટ પર છે. એવા અહેવાલ મળ્યા છે કે, તોઈબાના ત્રાસવાદી શ્રીલંકા મારફતે જળમાર્ગથી તમિળનાડુમાં ઘુસણખોરી કરી ચુક્યા છે. ગુજરાત પોલીસના ટોપના અધિકારીઓએ કહ્યું છે કે, કંડલા પોર્ટ ખાતે સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. કોસ્ટગાર્ડ, નેવી અને મરીન પોલીસ અને સ્થાનિક પોલીસ તપાસ કરી રહી છે. ત્રાસવાદીઓ નાની નૌકાઓ મારફતે કચ્છની



ખીણ અને સરક્રિકથી ગુજરાતમાં પ્રવેશ કરી શકે છે. પાકિસ્તાનના ટ્રેનીંગ લીધેલા કમાન્ડો અને આતંકવાદીઓ હરામીનાળામાં થઈને કચ્છ અને સરક્રિકમાં આતંકી નાપાક હરકતને અંજામ આપવા માટે ઘૂસ્યા હોવાના ઈનપુટ બહાર આવતા સુરક્ષા તંત્ર દ્વારા સમગ્ર રાજયમાં હાઈ એલર્ટ જાહેર કરાયુ છે. આઈપી ઈનપુટ મુજબ, પાકિસ્તાની ષડયંત્રના ભાગરૂપે આંતકવાદીઓ સાથે સાથે કંડલામાં પણ અન્ડર વોટર હુમલો કરે એવી શક્યતા છે. જેને પગલે બીએસએફ અને કોસ્ટગાર્ડ સહિત અન્ય સુરક્ષા એજન્સીઝને હાઈ એલર્ટ પર મુકવામાં આવી છે. તેમજ આ વિસ્તારમાં પેટ્રોલીંગ એકદમ સઘન અને સતત કરી દેવાયું છે. કોઈપણ પ્રકારની સ્થિતિને પહોંચી વળવા માટે દિશા નિર્દેશ આપવામાં આવ્યા છે. પોલીસે આસપાસના ઈન્સ્ટોલેશન્સનું ચેકીંગ શરૂ કરી દીધું છે અને મરિન કમાન્ડોને પણ તૈનાત કરી દેવાયા છે. કંડલા પોર્ટ પ્રશાસને બધા જહાજોને સતર્ક રહેવાની સૂચના આપી દીધી છે. આતંકી હુમલાના ઈનપુટને પગલે અદાણી પોર્ટ્સ દ્વારા એક એડવાઈઝરી રિલીઝ કરવામાં આવી છે. જેમાં શીપીંગ એજન્ટ્સ

● અનુસંધાન પાના - ૭ પર

# પાકિસ્તાન દ્વારા બેલાસ્ટિક મિસાઈલનું પરીક્ષણ

## કરાંચીની નજીક પરીક્ષણ કેન્દ્રથી ૨૯૦ કિમી સુધી ત્રાટકી શકે તેવી મિસાઇલનું પરીક્ષણ કર્યું : કાશ્મીર પ્રશ્ને ફ્લોપ રહેતા પાકિસ્તાનના હતાશામાં પગલાઓ

ઈસ્લામાબાદ,તા. ૨૯

જમ્મુ કાશ્મીરનો ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબૂદી બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો દિનપ્રતિદિન વધુને વધુ ખરાબ થઈ રહ્યા છે. બંને દેશો વચ્ચેના વિસ્ફોટક સંબંધો વચ્ચે આજે પાકિસ્તાને બેલાસ્ટિક મિસાઈલ ગજનવીનું સફળ પરિક્ષણ કર્યું હતું. આ મિસાઈલ ૨૯૦ કિલોમીટર સુધી ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે. પાકિસ્તાન દ્વારા આ શક્તિ પ્રદર્શન કરવા પાછળના હેતુ સ્પષ્ટપણે દેખાઈ રહ્યા છે. પાકિસ્તાન દ્વારા ઉશ્કેરણીજનક કૃત્યો કરવામાં આવી રહ્યા છે. પાકિસ્તાને હાલમાં જ આવા અનેક કૃત્યો કર્યા છે જેના લીધે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો વધુ ખરાબ થઈ શકે છે. જમ્મુ કાશ્મીરમાં ભારતના નિર્ણયથી લાલઘુમ થયેલા અને હાલમાં ભારે પરેશાનીનો સામનો કરી રહેલા પાકિસ્તાને આજે પોતાની ગજનવી બેલાસ્ટિક મિસાઈલનુ પરીક્ષણ કર્યુ હતુ. મિડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે પાકિસ્તાન દ્વારા કરાચી નજીક સોનમિયાની ઉડાણ પરીક્ષણ કેન્દ્રથી મિસાઈલનુ પરીક્ષણ કર્યુ હતું. કાશ્મીર મુદ્દા પર આંતરરાષ્ટ્રીય સ્તર પર તમામ પાસા પર નિષ્ફળતા હાથ લાગ્યા બાદ પાકિસ્તાને આજે મિસાઈલનુ પરીક્ષણ કર્યુ હતુ. પાકિસ્તાને હાલમાં મિસાઈલ પરીક્ષણ કરવાની ધમકી આપી હતી. પાકિસ્તાનના નાગરિક ઉડ્ડયન




સત્તાએ બુધવારના દિવસે કરાચી વિમાનીમથકના તમામ આંતરરાષ્ટ્રીય ઉંડાણોના ત્રણ માર્ગોને બંધ કરી દીધા હતા. પાકિસ્તાનના સિવિલ એવિએશન ઓથોરિટીને નોટીસ ટુ એરમેન જારી કરીને બંદરને પણ ચેતવણી આપવામાં આવી હતી.

પાકિસ્તાન તરફથી એકપછી એક નિર્ણય કરવામાં આવ્યા બાદ ભારતને હવે વધારે સાવધાન રહેવાની જરૂર છે. પાકિસ્તાન કરાચી નજીક પોતાના સોનમિયાની ટેસ્ટ રેંજથી મિસાઈલનુ પરીક્ષણ કરશે તેમ પહેલાથી જ માનવામાં આવી રહ્યુ હતુ. પાકિસ્તાનની પરેશાની કાશ્મીરના મુદ્દા પર સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે. પરમાણુ ધમકીને લઈને પાકિસ્તાન દ્વારા ધમકી પણ આપવામાં આવી રહી છે. મિસાઈલ ટેસ્ટ પહેલા પણ પાકિસ્તાન દ્વારા કેટલાક પગલાની વાત કરવામાં આવી રહી હતી. પાયલોટોને પણ પાકિસ્તાની સરકારે કેટલીક સુચના આપી છે. પાકિસ્તાનની પરેશાની હાલમાં સ્પષ્ટપણે નજરે પડી રહી છે. પરમાણુ ધમકીથી લઈને અન્ય પ્રકારના ઉશ્કેરણીજનક કૃત્યો તેના દ્વારા અવિરત કરવામાં આવી રહ્યા છે.

## ભારત-પાકિસ્તાન વચ્ચે ઓક્ટોબર નવેમ્બરમાં યુદ્ધ : રશીદ અહેમદ

ઈસ્લામાબાદ,તા. ૨૯

પાકિસ્તાની રેલવે પ્રધાન શેખ રશીદ અહેમદ દ્વારા આગાહી કરવામાં આવી છે કે ઓક્ટોબર અથવા તો નવેમ્બરમાં ભારત સાથે પાકિસ્તાનનુ યુદ્ધ થઈ શકે ચે. રાવલપિંડીમાં એક કાર્યક્રમ દરમિયાન



તેમણે કહ્યુહતુ કે કાશ્મીર માટે અંતિમ સ્વતંત્રતા સંઘર્ષ માટેનો સમય હવે આવી ગયો છે. તેમણે કહ્યુ હતુ કે ભારત સાથે વોર આ વખતે અંતિમ યુદ્ધ તરીકે રહેનાર છે. જો સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ આ મામલાને ઉકેલવામાં રસ ધરાવે છે તો કાશ્મીરમાં જનમત કરાવી શકાય છે. તેમણે કહ્યુ હતુ કે કાશ્મીરનુ ભાવિ કાશ્મીરના યુવાનો દ્વારા નક્કી કરવામાં આવનાર છે. અમને કાશ્મીર ખીણના લોકો સાથે ઉભા રહેવાની જરૂર છે. ખીણમાં ખલેલ ઉભી કરવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આક્ષેપ કરતા તેમણે કહ્યુ હતુ કે જમ્મુ કાશ્મીરને મોદી

● અનુસંધાન પાના - ૭ પર

## ન્યુઝ ટ્રેક

### આર્થિક ગતિવિધિઓ સુસ્ત બની રિઝર્વ બેંક

ભારતીય રીઝર્વ બેન્કે વર્ષ ૨૦૧૯ની વાર્ષિક રિપોર્ટ જાહેર કરી છે. આ રિપોર્ટમાં જણાવાયુ છે કે ઘરેલુ માંગ ઘટતા આર્થિક ગતિવિધિઓ સુસ્ત બની ગઈ છે. અર્થવ્યવસ્થાને પુનઃ પાટા પર ચઢાવવા ખાનગી રોકાણ જરૂરી છે.

### ચિદમ્બરમને ઈડીની ધરપકડથી રાહત

આઈએનએક્સ કેસમાં એન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટના એક મામલે પૂર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમની અગ્રિમ જમાનત પર સુપ્રિમ કોર્ટે નિર્ણય પેન્ડીંગ રાખ્યો છે. ૫ મી સપ્ટેમ્બરે કોર્ટ પોતાનો નિર્ણય જાહેર કરશે. આ સાથે જ ચિદમ્બરમને ૫ મી સપ્ટેમ્બર સુધી ધરપકડમાંથી પણ રાહત મળી છે.

### ગુરૂનાનક જયંતિ માટે પાક.ના વિઝા મળશે

ગુરૂનાનકદેવની ૫૫૦મી જયંતિ પર શીખ શ્રદ્ધાળુઓ માટે પાકિસ્તાન ૧લી સપ્ટેમ્બરથી વિઝા પ્રક્રિયા શરૂ કરશે. પાકિસ્તાન તરફથી કહેવામાં આવ્યુ છે કે કરતારપુર કોરિડોર પ્રોજેક્ટ આ વર્ષે નવેમ્બરમાં પુરો કરી લેવાશે. ગુરૂનાનક જયંતિ માટે અહીં કાર્યક્રમ નવેમ્બર માસમાં જ યોજાનાર હોઈ વિઝા અપાશે.

### જાપાનમાં પૂરથી ભારે તારાજી

મૂશળધાર વરસાદના લીધે જાપાનના દક્ષિણ પશ્ચિમ ટાપુમાં પરિસ્થિતિ વિકટ બની છે. પૂરના લીધે ૯ લાખ લોકોનુ સ્થળાંતર થઈ રહ્યુ છે. છેલ્લા ૪૮ કલાકમાં સરેરાશ ઓગષ્ટના વરસાદ જેટલો વરસાદ પડી જતા આ સ્થિતિ સર્જાઈ છે.

## ફિટનેસ એ માત્ર શબ્દ નથી બલ્કે સ્વસ્થ જીવન માટે શરત છે : મોદી

નવી દિલ્હી,તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ફિટ ઈન્ડિયા મુવમેન્ટની રોમાંચક વાતાવરણમાં શરૂઆત કરાવી હતી. આ પ્રસંગે મોદીએ પ્રેરક સંબોધન કરીને આરોગ્યને માર્શલ આર્ટના સ્વરુપ, ડાંસ અને રમત-ગમતની રજૂઆત કરવામાં આવી હતી. મોદીએ કહ્યું હતું કે, ટેકનોલોજીના કારણે કેટલીક તકલીફો પણ આવી રહી છે. મોદીએ આ કાર્યક્રમમાં કહ્યું હતુ




લઈને વિવિધ મુદ્દા ઉપર વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ફિટ ઈન્ડિયા મુવમેન્ટ ભારતને હેલ્થી ફ્યુચર તરફ દોરી જશે. હાલના સમયમાં ફિટ ઈન્ડિયા મુવમેન્ટની જરૂર દેખાઈ રહી છે. રંગીન કાર્યક્રમ વેળા જુદા જુદા કલાકારો ઉપસ્થિત રહ્યા હતા. સ્વદેશી કે, ફિટનેસ ઝીરો પર્સેન્ટ ઈન્વેસ્ટમેન્ટ તરીકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોટી સંખ્યામાં રમતવીરોની હાજરીમાં આજે ફિટ ઈન્ડિયા મુવમેન્ટની શરૂઆત કરાવી હતી. જેનો ઉદ્દેશ્ય લોકોને ફિટ રહેવા માટે જાગૃત કરવાનો

● અનુસંધાન પાના - ૭ પર

# પાક કાશ્મીર માટે બિનજરૂરી રડે છે : રાજનાથ

કારગિલ, તા. ૨૯

કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહે આજે લેહમાં ૨૬માં ખેડૂત-જવાન વિજ્ઞાન મેળાનું ઉદ્ઘાટન કર્યું હતું. કલમ ૩૭૦ની નાબૂદી બાદ કેન્દ્ર શાસિત પ્રદેશ બનેલા લડાખમાં પોતાના પ્રથમ પ્રવાસમાં પહોંચેલા રાજનાથસિંહે અહીં તમામ સ્થાનિક નેતાઓ સાથે વાતચીત કરી હતી. બીજી બાજુ કાર્યક્રમ દરમિયાન રાજનાથસિંહે પાકિસ્તાન ઉપર પણ આક્રમક અંદાજમાં પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, કાશ્મીર પાકિસ્તાનનું ક્યારેય ન હતું જેથી પાકિસ્તાનને રડવા માટેના કારણ સમજાતા નથી. જે ચીજ પાકિસ્તાનની હતી જ નહીં તે ચીજ માટે પાકિસ્તાન



દ્વારા હોબાળો મચાવવામાં આવી રહ્યો છે. પાકિસ્તાન કાશ્મીર માટે કેમ રડી રહ્યું છે તે સમજાતુ નથી. લેહમાં ૨૬માં ખેડૂત-જવાન વિજ્ઞાન મેળાનું ઉદ્ઘાટન કરવા માટે પહોંચ્યા બાદ પોતાના સંબોધનમાં રાજનાથસિંહે કહ્યું હતું કે, તેઓ પાકિસ્તાનને પુછવા માંગે છે કે, કાશ્મીર કોઈપણ સમયે પાકિસ્તાનનું ન હતું જેથી આને લઈને તેમને હોબાળો મચાવવાની જરૂર શું છે. પાકિસ્તાન બની ગયું છે તો અમે આનું સન્માન કરીએ છીએ પરંતુ કાશ્મીરના મુદ્દા પર પાકિસ્તાનનું કોઈપણ સ્થાન નથી. રાજનાથસિંહે કહ્યું હતું કે, કાશ્મીર અમારા આંતરિક ભાગ તરીકે છે.

● અનુસંધાન પાના - ૭ પર


મહિને ૧૫,૦૦૦ થી ૨૦,૦૦૦ કમાવાની તક

કારીગરો જોઈએ છે

ફ્રન્ટ, બેગ, બેલ્ટ બારટેક તથા ફાઈટ્રેડ સિલાઈ મશીનના કારીગરો

સંપર્ક

માસ્ટર (મો) ૮૧૬૦૩૬૮૯૫૩, (મો) ૯૬૩૮૧૭૧૯૦૦

કદમ્બ ગારમેન્ટ

બી-૧૧, ગારમેન્ટ ઝોન

હોટલ મેનેજમેન્ટ કોલેજની બાજુમાં, કોબા - ગાંધીનગર



ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225



